| **Headline:** NSE conducts highest number of IAPs in 2015 | |
|---|---|
| **Source:** Divya Bhaskar | **Date:** 03 January 2016 |

# NSEના 1,550 ઈન્વેસ્ટર અવેરનેસ પ્રોગ્રામનો એક લાખ લોકોએ લાભ લીધો

નવીદિલ્હી| દેશમાં નાણાકીય સાક્ષરતા વધે એ માટે અગ્રણી શેર બજાર નેશનલ સ્ટોક એક્સચેન્જે 2015ના વર્ષમાં 1,550ઈન્વેસ્ટર અવેરનેસ પ્રોગ્રામ (રોકાણકાર જાગરૂકતા કાર્યક્રમ) યોજ્યા હતા, જેનો એક લાખથી વધુ લોકોએ લાભ લીધો હતો. જોકે તેના અગાઉના વર્ષ 2014માં 80,000 લોકો રોકાણકાર જાગરૂકતા કાર્યક્રમમાં જોટાયા હતા, આમ 2015માં આમાં 25 ટકાનો ઉછાળો આવ્યો હતો. એનએસઈ દ્વારા 2014ના વર્ષમાં 1,138 રોકાણકાર જાગરૂકતા કાર્યક્રમો યોજાયા હતા, જ્યારે 2015ના વર્ષમાં આ કાર્યક્રમો 1,550 યોજાયા હતા.